**Extra No. 13**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] SATURDAY, JANUARY 3, 2026 / PAUSHA 13, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩જી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તારીખઃ ૧૯મી નવેમ્બર, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક. જીઇ-૨૦૨૫-(૧૨૬)-ઈપીસીડી/એમવીએન/ઇ-ફાઇલ/૨૦/૨૦૨૨/૦૮૭૯/ઇ. નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Deputy Chief Electrical Inspector, Class I in the Gujarat Engineering Service, under the office of the Chief Electrical Inspector, Recruitment Rules, 2025**

**મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટરની કચેરી હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક. જીઇ-૨૦૨૫-(૧૨૬)-ઈપીસીડી/એમવીએન/ઈ-ફાઈલ/૨૦/૨૦૨૨/૦૮૭૯/ઈ:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર, વર્ગ ૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટરની કચેરી હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર, વર્ગ ૧ની જગા પરની નિમણૂક, જેણે,-

(૧) ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧માં, મુખ્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર, ગાંધીનગરની કચેરીમાં ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર અને લિફ્ટ ઈન્સ્પેક્ટરના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "ખૂબ સારા" નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર અને લિફ્ટ ઈન્સ્પેક્ટર, વર્ગ-૧નો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે;

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ભક્તિ શામળ,**

સરકારના સંયુક્ત સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 10:05:21 IST